Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

તંત્રી

ચીમનલાલ ગોકળદાસ શાહ

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ

અમદાવાદ

વર્ષ ૯ : અંક : ૧૧ : : ક્રમાંક ૧૦૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

वर्ष ९ ‖ विक्रम सं. २००० : वीरनि. सं. २४७० : ई. स. १९४४ ‖ क्रमांक
अंक ११ ‖ श्रावण वदि १२ : मंगळवार : ओगस्ट १५ ‖ १०७

## विषय-दर्शन

१ श्रीजयसागरोपाध्यायकृतं श्रीनागद्रह-पार्श्वजिन-स्तोत्रम् : पू. मु. म. श्री. कांतिसागरजी : ४५५
२ वीरशासन-जयन्ती-उत्सव संबंधमां पू. मु. म. श्री. पुण्यविजयजीए श्री. जुगलकिशोरजी मुख्तारने लखेल पत्र : ४५६
३ फक्त सोळ ज पानां : तंत्री : ४५७
४ मुनिश्री भावविजयजी विरचित श्रीहीरविजयसूरि-स्वाध्याय : श्रीसाराभाई मणिलाल नवाब : ४५८
५ कदाग्रहनी परिसीमा : पू. उ. म. श्री सिद्धिमुनिजी : ४५९
६ कल्पसूत्र-सुबोधिका : पू. मु. म. श्री. दर्शनविजयजी : ४६३
विक्रम-विशेषांक संबंधी एक वधु अभिप्राय } ४७० नी सामे
पूज्य श्रमण-समुदायने विज्ञप्ति }

**सूचना**—आ मासिक दरेक अंग्रेजी महिनानी पंदरमी तारीखे प्रगट थाय छे तेथी सरनामाना फेरफारना खबर बारमी तारीखे समितिना कार्यालये पहोंचाडवा.

**लवाजम—वार्षिक—बे रूपिया : छुटक चालु अंक-त्रण आना**

मुद्रकः—मगनभाई छोटाभाई देसाई. श्री वीरविजय प्रीन्टींग प्रेस, सलापोस क्रोसरोड, पो. बो. नं. ६—भक्तिमार्ग कार्यालय—अमदावाद. प्रकाशकः—चीमनलाल गोकळदास शाह. श्री जैनधर्म सत्यप्रकाशक समिति कार्यालय, जेशिंगभाईनी वाडी, घीकांटा रोड—अमदावाद.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ वीराय नित्यं नमः ॥

# શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ ૯ ] ક્રમાંક ૧૦૭ [ અંક ૧૧

श्रीजयसागरोपाध्यायकृतं

# श्रीनागद्रह-पार्श्वजिन-स्तोत्रम्

संग्राहक—पूज्य मुनिमहाराज श्रीकांतिसागरजी, साहित्यालंकार

धर्ममहारथसारथसारं, सरससुकोमलवचनविचारं,
सुविरतिसलिलासारम् ।
सिद्धिवधूवक्षःस्थलहारं, केवलकमलालीलागारं,
नागद्रहशृङ्गारम् ॥१॥
मारविकारानिवारयतारं, तारस्वरेश्वरगीताचारं,
क्षत्रियराजकुमारम् ।
स्फारफणावलिमण्डलधारं, कारं कारं विनयमपारं,
वन्दे देवमुदारम् ॥२॥ (युग्मम्)
दिवसपतिः प्रतिभयनिस्तारी, चन्द्रश्चारुकलाविस्तारी,
मङ्गल उदयाकारी ।
किंच बुधः सुधयामुपकारी, सुरगुरुरामयदोषनिवारी ।
शुक्रो विक्रमकारी ॥३॥
कामितमसिनै (?) शनिराधत्ते, राहुरबाहुर्बलंबहु दत्ते,
केतुः कीर्त्तिसुखाय ।
तेषां ये जगदीश ! भवन्तं, वामानन्दनमतिशयवन्तं,
मनसि नयन्ति चिराय ॥४॥ (युग्मम्)
चारुमहोदयरत्नकरण्डं, भवभयसागरतरणतरण्डं,
खण्डितपरपाखण्डम् ।
श्रीजयसागरकजमार्त्तण्डं, नत्वा वामासूनुमचण्डं,
नन्दितजूयमखण्डम् (?) ॥५॥

॥ इति श्रीपार्श्वजिनस्तुतिः ॥

આ સ્તોત્રના ત્રીજા–ચોથા શ્લોકમાં નવગ્રહનાં નામો આપ્યાં છે. અને ચોથા શ્લોકનું પહેલું ચરણ અને છેલ્લા શ્લોકનું છેલ્લું ચરણ સમજી શકાતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# वीरशासन-जयन्ती-उत्सव संबंधमां

## पू. मु. म. श्री. पुण्यविजयजीए श्री. जुगलकिशोरजी मुख्तारने लखेल पत्र

'અનેકાન્ત' માસિકના સંપાદક શ્રી. જુગલકિશોરજી મુખ્તારે વીરશાસન-જયન્તી-ઉત્સવ સંબંધી જે રીતે પ્રચાર કર્યો હતો તે સામે અનેક પ્રકારે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ સંબંધમાં પાટણથી પૂજ્ય મુનિમહારાજ શ્રી. પુણ્યવિજયજી મહારાજે એક પત્ર 'અનેકાન્ત'ના સંપાદક શ્રી. જુગલકિશોરજી મુખ્તારને લખ્યો હતો તેની અક્ષરશઃ નકલ અહીં રજુ કરીએ છીએ. -તંત્રી.

॥ जयन्तु वीतरागाः ॥

मु. पाटन. सागरका उपाश्रय. ता. २७-७-१९४४.
(उत्तर गूजरात) सं. २००० श्रावण शुक्ला सप्तमी
मुनि पुण्यविजय तर्फसे.

मु. सरसावा—रा. रा. माननीय बाबूजी श्रीयुक्त जुगलकिशोरजी मुख्तार महाशय योग्य सप्रेम सादर धर्मलाभाशीर्वाद । यहाँ पर धर्मप्रभावसे कुशल है। आप भी सपरिवार धर्मप्रतापसे कुशल होंगे। अभी आपकी ओरसे कोई समाचार नहीं है सो लिखते रहे। कथारत्नकोशकी प्रस्तावना छप कर तयार हो गई है। आने पर आपको प्रस्तावनाके जो फॉर्म बाकी हैं वे भेज दिये जायँगे।

वि० आपकी ओरसे "वीरशासनजयन्तीमहोत्सव"के प्रचारविषयमें अनेक लेख लिखे जा रहे हैं, उनके अंदर कोई कोई जगह आपने मेरे नामका उल्लेख किया होगा-है; जिसके बारेमें कुछ खुलासा करनेके विषयमें मेरे पास "जैनधर्म सत्यप्रकाशक समिति-अमदावाद"-का पत्र आया है। अतः मेरी अनिवार्य फर्ज है कि-इस विषयमें मैं अपना मन्तव्य आपको सूचित कर दूं; ताकि मेरी मान्यता आदके विषयमें श्वेताम्बर-दिगम्बर समाजमें कोई तहरका भ्रम पैदा न हो।

आप "वीरशासनजयन्तीमहोत्सव" मनायें उसमें परमात्मा महावीरकी सन्ततिमें पैदा होनेवाली एवं 'उन परमात्माका अनुयायी'-कहलानेवाली कोई भी व्यक्ति सहकार न देवे यह किसी भी तरहसे हो ही नहीं सकता। फिर भी जब उस "जयन्ती उत्सव"का उद्यापन विकृत रूपसे होता हो तब पारस्परिक सहकार एवं ऐक्य होनेके बदले एक-दूसरेका सद्भाव एवं नैकट्य कट ही जाता है। सचमुच ही मुझे यह प्रतीत होता है कि-आपने एक अति आदरणीय कार्यका आरम्भ करके भी अपनी साम्प्रदायिक मान्यताके भीषण आवर्तोंमें उसकी ऐसी दुर्दशा कर डाली है कि—आज आपके आदरणीय कार्यमें सहकार देनेके बदलेमें, अनिवार्यतया. उसका विरोध करनेका प्रसंग उपस्थित हुआ है। क्या आपको यह प्रतीत नहीं होता कि-वीरशासनजयन्तीउत्सवके प्रचारके बदलेमें आपने अपने हृदयमें गुप्त स्थान कर रही हुई अपनी साम्प्रदायिक भावनाका प्रचार करते हुए अपने अतिस्तुत्य एवं मौलिक "जयन्तीउत्सव"के ध्येयको और इसके द्वारा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



संभाव्यमान जैन समाजके ऐक्यको भी बडा भारी धोखा पहुंचाया है। और इस प्रकार आपने अपने हाथमें आये हुए एक पुण्य प्रसंगको खो दिया है। मुझे तो आज यही प्रतीत हो रहा है कि अनेकान्त मासिककी शुरूके श्रीयुक्त बाबू जुगलकिशोरजी मुख्तार महाशय और थे, और आजके मुख्तार महाशय कोई और ही हैं। अन्यथा आजकी परिस्थितिमें आपने जो सरणी पसंद की है ऐसा कभी होने न पाता। और इस व्यामोहपूर्ण दशामें आपने प्राचीनतम श्वेताम्बर जैन साहित्यको अर्वाचीन,—जो कि आजकी संशोधनप्रधान पद्धतिसे प्राचीनतम सिद्ध हैं,—बतानेका प्रयत्न किया है; और दिगम्बर जैन साहित्यको प्राचीन,—जो कि आजकी संशोधन पद्धतिसे सिद्ध नहीं हुआ है, और जिसके लिये अनेक काल्पनिक एवं भ्रमपूर्ण प्रमाण दिये जा रहे हैं,—सिद्ध करनेका प्रयत्न कर रहे हैं और उसके आधार पर एक बडा भारी साम्प्रदायिक विवाद खडा कर रहे हैं यह एक अति विचित्र वस्तु मालुम होती है। अस्तु, आज इस विषयमें आपको अधिक लिखना अर्थरहित है। सिर्फ मैं आपको संक्षेपमें इतना ही सूचित करता हूं कि—आपकी ओरसे प्रचारित "वीरशासनजयन्तीमहोत्सव'के साथ मैं अपना कोई भी प्रकारका सहकार नहीं रखता हूं। क्यों कि वह प्रामाणिक ऐतिहासिक तत्त्व एवं सन्निष्ठासे पर है।

अन्तमें आपसे एक बात सूचित करता हूं कि "जयन्तीमहोत्सव"के विषयमें आपके साथ मेरा प्रामाणिक मतभेद होने पर भी आज तक जो अपना चिरकालीन पारस्परिक साहित्य विषयक संबंध चला आ रहा है वह निराबाध ही है।

धर्मकार्यमें सविशेष प्रयत्नशील रहे। योग्य धर्मकार्य लिखते रहे।

लि. मुनि पुण्यविजयका सस्नेह धर्मलाभ और सुखशाता.

ता. क. मैं चाहता हूं कि—यह पत्र अनेकान्तमें प्रसिद्ध किया जाय।

## ફક્ત સોળ જ પાનાં

અમદાવાદના સામયિક પત્રકાર મંડળ તરફથી, કાગળ-નિયમન ધારાની એક કલમનો જે રીતે અર્થ કરવામાં આવ્યો હતો તેના આધારે અમે ગયા અંકમાં જણાવ્યું હતું કે—હવે પછી 'શ્રી જૈન સત્ય પ્રકાશ'નું કદ ૨૪ પાનાં જેટલું પ્રસિદ્ધ કરી શકાશે.

પણ એ કલમનો જે અર્થ કરવામાં આવ્યો હતો તેમાં ફેરફાર કરવો પડયો છે. અને એ ફેરફારનું પરિણામ એ આવ્યું છે કે હવે પછી 'શ્રી જૈન સત્ય પ્રકાશ'નાં ૨૪ નહીં પણ ફક્ત ૧૬ જ પાનાં આપી શકાશે.

વાચકોને આની નોંધ લેવા વિનતિ છે. —તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાચીન ગુજરાતી કાવ્યો

સંગ્રાહક તથા સંપાદક
શ્રીયુત સારાભાઈ મણિલાલ નવાબ

[ કાવ્યાંક ૩ ]

## મુનિ શ્રી ભાવવિજયજીવિરચિત
## શ્રી હીરવિજયસૂરિ-સ્વાધ્યાય

સરસતિ સરસ વચન દીઓ, જ્યું ગાઉં ગુરુ હીર;
જનમનવંછિત–સુરતરુ, મુનિજનમન તરુઅર કીર.
જગતગુરુ હીર હીર હીર.
જગતગુરુ હીર હીર હીર, હાંરે તોહિ દરિસનકી મોહિ પ્યાસ;
હાંરે એહ પૂરો મોહિ આસ, હાંરે હું ભવભવ તોરો દાસ. જગ૦ ૧
ભાવસૂરિ ભુવિ તુંહિ હઈ, નામ સૂરિ ભુવિ ભૂરિ;
ઈંદગોપજ્યું બાઉરે, ન હુ નિય ગોપનકું સૂર. જગ૦ ૨
ઇહ કલિયુગમઈ મઇં સુણ્યો, એક તું નિકલંક નિરીહ;
તા તેં ચાહત લોયણાં, અબ દરિસન દ્યો મુનિસીંહ. જગ૦ ૩
સાહિ **અકબર**કું દૂરિ જઇ, તઈ દીનો દરિસન ધીર;
અબ કયું મોહિ ન દેતહઈ, સબ જગતજંતુ હિત **હીર**. જગ૦ ૪
જનક સુતા જ્યું રામકું, શશધર જેમ ચકોર;
ચક્રવાક જ્યું ભાનુકું, જ્યું નવ જલધરકું મોર. જગ૦ ૫
ત્યું તોહિ દરિસન અભિલષું, દીનદયાલ કૃપાલ;
દરિસ વેગિ કરિ દીજીઈ, અબ તજીઇ વિલંબ મુનિપાલ. જગ૦ ૬
ગુરુ તઈ રોપે ભુવનમઈ, બહુ બોધિબીજ ષે(ખે)ત;
પુણ્ય જગતકું તઈ દીયા, અબ દરિસન કયું નહુ દેત. જગ૦ ૭
જીવિતદાન દેઈ કર્યો, સબ પશુયનકું ઉપગાર;
તીરથ–કર છોડાવતેં, સબ માનવકું પણિ સાર. જગ૦ ૮
તોહિ સેવક તોહિ કિંકરા, એક તુઝ પદસેવા લીન;
ચાહ ઓર મોહિ હેં નહી, તેરે દરિસનકો આધીન. જગ૦ ૯
ચરણુ શરણુ મોહિ તાહરા, અબ દરિસન દેહુ મ દેહુ;
ઉદક બિંદુ નહુ દેત હેં, તોહિ ચાતુ(ત)ક ચિતમઈં મેહુ. જગ૦ ૧૦
શ્રી **વિજયદાન**સૂરિપટધરુ, શ્રી **હીરવિજય**સૂરિંદ;
ચાહત નિત તોહિ દરિસકું, મુનિ **ભાવવિજય** આણંદ. જગ૦ ૧૧

ઇતિ શ્રી હીરવિજયસૂરિ સજ્ઝાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કદાગ્રહની પરિસીમા

સંગ્રાહક તથા અનુવાદક–**પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી સિદ્ધિમુનિજી**

[ "ષટ્કાયના જીવોનો વધ થતો હોવાથી સચિત્ત પુષ્પાદિ વડે જિનપૂજા ન કરતાં વાસક્ષેપાદિ અચિત્ત દ્રવ્યોથી જ જિનપૂજા કરવી; અક્ષત, વસ્ત્ર, બલિથી પ્રભુપૂજા કરતાં તે અક્ષતાદિના ઉપભોગના કારણે નિર્ધર્મી જીવોને અનંત ભવભ્રમણ થાય છે તે માટે તેવી પૂજા કરવી એ અયુક્ત છે; પૂજાનાં દ્રવ્ય સહિત ચૈત્યવંદનને માટે જતાં સાધુને નમસ્કાર ન કરવો, કારણ કે તેથી હસ્તમાં રહેલાં પૂજાનાં દ્રવ્યો નિર્માલ્ય થઈ જાય છે, અને પછી એ નિર્માલ્ય દ્રવ્યના પૂજનથી 'નિર્માલ્ય દોષ' લાગે છે; દૂધ, દહીં વગેરે તિર્યંચોના શરીરથી ઉત્પન્ન થયેલાં હોઈ તે અપવિત્ર છે માટે તેથી પ્રતિમાનું પ્રક્ષાલન–ન્હવણ ન કરવું, પણ ગંધોદક એટલે સુગંધી જલથી જ તે કરવું."—આવા આવા એકાંત પક્ષાગ્રહી ઉપદેશથી મુગ્ધ ગ્રામ્ય જનોને ભરમાવતા 'અજ્જુનત' નામના શ્રાવકને વિશિષ્ટ લોકોએ પોતાના ગામમાંથી કાઢી મૂકતાં, તે કોશામ્બી નગરીમાં ગયો. ત્યાં તેણે **ધર્મ** નામના શ્રાવક સાર્થવાહને ઉપરોક્ત ઐકાન્તિક ઉપદેશથી વ્યુદ્ગ્રાહિત કરવા માંડયો. સાર્થવાહે એ વિષયનો નિશ્ચય કરવા સાધુઓ પાસે પોતાની સાથે આવવા તેને પ્રેરણા કરી. બન્ને જણ સાધુઓ પાસે ગયા. ગીતાર્થ એવા એ સાધુઓએ આચરણા અને સિદ્ધાંતની સાક્ષીથી તેમને એકાંત પક્ષનો કદાગ્રહ ત્યાગ કરવા યુક્તિપ્રયુક્તિ પૂર્વક બહુ બહુ રીતે સમજાવતાં છતાં ય, તે અજ્જુનતનો કદાગ્રહ ન છૂટયો, અને સાર્થવાહ પણ અજ્જુનતની તરફ તણાઈ ગયો. કેમકે તેનો પક્ષ સુકર–સુખે કરી શકાય તેવો સ્હેલો હતો. પરિણામે મૃત્યુ બાદ તેમને ભવભ્રમણની ભયંકરતા અનુભવવી પડી. ઉપરોક્ત કથાપ્રસંગ આચાર્ય શ્રીદેવભદ્રસૂરીશ્વરે વિ. સં. ૧૧૫૮ માં રચેલા પોતાના 'कहारयणकोशो' નામના ગ્રંથમાં યોજ્યો છે. 'કદાગ્રહની પરિસીમા' દર્શાવતી તે પ્રસંગની ૨૮ પ્રાકૃત ગાથાઓ અને દરેકનો ભાવાર્થ નિમ્નોક્ત છે.

—**સંગ્રાહક** ]

**धम्मप्परूवणाए, केण निउत्तो सि मूढ ! किं न सुय ? ।**
**धम्मो जिणपन्नत्तो, पकप्पजइणा कहेयव्वो ॥ १ ॥**

૧ રે મૂઢ ! ધર્મનો ઉપદેશ કરવા માટે તને કોણે નિયુક્ત કર્યો છે ? તેં શું નથી સાંભળ્યું કે–'જિનેશ્વરોએ પ્રરૂપેલો ધર્મ [1]પ્રકલ્પયતિએ ઉપદેશવો ?'

**हेउनहं नयनयणं, चउरणुजोगक्कमं समयसीहं ।**
**अदिट्ठसरूवं कोल्हुगो, व्व कह कहसि जणपुरओ ॥२॥**

૨ હેતુઓ જેના નખ છે, નયો જેનાં નયન છે અને ચાર અનુયોગ જેના ચરણ છે એવા સિદ્ધાંત રૂપી સિંહની, તેનું સ્વરૂપ દેખ્યા સિવાય શિયાળની જેમ, તું શા માટે લોકોની આગળ પ્રરૂપણા કરે છે ?

**उस्सग्ग-ववायाणं, सरूवलेसं पि नेव जाणासि ।**
**धम्मस्स को व कस्स व, अहिगारी ? एयमवि मूढ ॥ ३ ॥**

૧ નિશીથાધ્યયનને ભણેલા અને અન્ય સર્વ તીર્થાન્તરીય ધર્મોથી અતિશાયી એવો સાધુ તે પ્રકલ્પયતિ જાણવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ ઉત્સર્ગ અને અપવાદના લેશ પણ સ્વરૂપને તું નથી જ જાણતો. ધર્મનો કોણ અધિકારી અને તે કયા ધર્મનો અધિકારી, એ પણ હે મૂઢ! તું નથી જ જાણતો.

सव्वारंभरयाणं, छज्जीववहाउ अविरयमणाणं ।
दव्वत्थउ च्चिय परं, भवागडावडण आलंबो ॥ ४ ॥

૪ ષટ્કાયના જીવોના વધથી મન વડે વિરમ્યા નથી એવા સર્વ આરંભોમાં રમનારાઓને, સંસારરૂપી કુવામાં પડતાં દ્રવ્યસ્તવ જ શ્રેષ્ઠ આલંબન છે.

जिणभवण–बिंबठावण–जत्ता–पुप्फाइपूयणारूवो ।
दव्वत्थओ त्ति सिट्ठो, गिहीण इयरासमत्थाण ॥ ५ ॥

૫ ભાવસ્તવમાં અસમર્થ એવા ગૃહસ્થોને જિનેશ્વરનું મંદિર બનાવવું, તેમની પ્રતિમા સ્થાપન કરવી, તેમની યાત્રા કરવી, પુષ્પાદિથી તેમનું પૂજન કરવું વગેરે રૂપ દ્રવ્ય સ્તવનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

पुप्फाई वि निसिद्धं, जइ थेवोवक्कमं पि मूढ ! तए ।
ता चेइयाइकरणं, बहुआरंभं सुपडिसिद्धं ॥ ६ ॥

૬ અલ્પ ઉપક્રમવાળાં ય આ પુષ્પાદિનો પણ હે! મૂઢ જો તું નિષેધ કરે છે, તો પછી બહુ આરંભ છે જેમાં એવાં જિનમંદિરાદિ બનાવવાનું તો તેં સર્વથા નિષેધ જ કર્યું.

जिणभवणाणमकरणे, बिंबाणमठावणे य तुज्झ मए ।
तित्थुच्छेयाईया, हुंती दोसा बहुपयारा ॥ ७ ॥

૭ અને જિનમંદિર ન બનાવવાનું તથા જિનપ્રતિમા ન સ્થાપન કરવાનું આવી પડતાં તારા મતમાં તીર્થોચ્છેદ વગેરે બહુ પ્રકારના દોષો ઉત્પન્ન થાય છે.

देह-गिहाइयकज्जे, आरंभं नो निरुंभसि अणज्ज ! ।
कायवहो त्ति निसेहसि, जिणपूयं अहह ! तुह मोहो ॥ ८ ॥

૮ દેહ, ગૃહ વગેરેનાં કાર્યોમાં હે અનાર્ય! તું આરંભને અટકાવતો નથી, અને 'ષટ્કાયના જીવોનો વધ' એમ કહી આરંભના બહાના નીચે જિનપૂજાનો નિષેધ કરે છે. ઓહો! તારી મૂઢતા!

चेइयपूयाईणं, करणे तित्थपभावणाईया ।
दीसंति बोहिजणगा, वावारा णेगसुहजणगा ॥ ९ ॥

૯ જિનમંદિરમાં પૂજા વગેરે કરતાં, સમ્યક્ત્વના અને અનેક સુખોના જનક એવા તીર્થપ્રભાવના વગેરે વ્યાપારો દૃષ્ટિગોચર થાય છે.

जइ पुण पोसहनिरया, सच्चित्तविवज्जया जईसरिच्छा ।
उत्तरपडिमासु ठिया, पुप्फाई ता विवज्जंतु ॥ १० ॥

૧૦ જો સચિત્તને ખાસ તજનારા સાધુના જેવા નિરંતર પોષધધારી ઉત્તર પ્રતિમાઓમાં રહેલા હો તો વિશેષે કરી પુષ્પાદિને વર્જી દ્યો.

पूयंगवग्गहत्थो, न नमइ साहुं पि जं पि वुत्तमिणं ।
तं पि हु पलावमेत्तं, सबुद्धिपरिकप्पणाजणियं ॥ ११ ॥

૧૧ 'પૂજાનાં દ્રવ્યોથી વ્યાકુલ હસ્તવાળો સાધુને પણ ન નમે' આ જે કાંઈ કહ્યું તે પણ, તારી બુદ્ધિથી ફાવે તેવી કરેલી કલ્પનાથી ઉપજેલો બકવાદ જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**विणओ हि धम्ममूलं, जहोचियं सो हु साहुमाईसु ।**
**वायनमोक्काराई, अप्पडिसिद्धो य सिद्धंते ॥ १२ ॥**

૧૨ વિનય એ નકી ધર્મનું મૂલ છે. તે વિનય સાધુ વગેરેને યથાયોગ્ય વચનથી નમસ્કારાદિ રૂપ છે, અને તેનો સિદ્ધાંતમાં પ્રતિષેધ કર્યો નથી.

**न य पत्तियमेत्तेण वि, दूसणमावडइ करयलगयस्स ।**
**पूयंगस्स अभत्ती य, जिणवरे जणविरुद्धं वा ॥ १३ ॥**

૧૩ નમસ્કારાદિ માત્રથી પણ હસ્તમાં રહેલાં પૂજાનાં દ્રવ્યોમાં દોષ આવી પડે અને વળી તેથી જિનેશ્વરના પ્રતિ અભક્તિ કે લોકવિરુદ્ધતાનો પ્રસંગ જાગે એમ તો છે જ નહિ.

**जं पि य दुद्धाईहिं, न्हवणनिसेहं करेसि जगगुरुणो ।**
**आसायण त्ति तं पि हु, न जुत्तिजुत्तं ति पडिहाइ ॥ १४ ॥**

૧૪ વળી તું આશાતનાના કારણે દૂધ વગેરેથી પ્રતિમા-પ્રક્ષાલનનો નિષેધ કરે છે તે પણ, ખરેખર, એમ ભાસતું નથી.

**सिद्धंते न निसेहो, सुम्मइ पयस्स न य विरुद्धमिणं ।**
**गोरोयण-मयमय-कुंकुमाण देवे वि जुंजणतो ॥ १५ ॥**

૧૫ એવા પ્રક્ષાલનનો નિષેધ સિદ્ધાંતમાં સંભળાતો નથી. અને ગોરોચન, કસ્તુરી તથા કેશરનો ઉપયોગ દેવોમાં પણ આરાધકો તરફથી થતો હોઈ તે વિરુદ્ધ નથી.

**अतहाविहुब्भवं पि हु, पवित्तभावेण जं पसिद्धमिणं ।**
**तं नेव विरुद्धं, लोग-सत्थपडिसेहविरहाओ ॥ १६ ॥**

૧૬ કારણ કે તે અપવિત્ર ભાવથી ઉત્પન્ન થયેલું છતાં પણ પવિત્રભાવથી જ પ્રસિદ્ધ છે. આમ લોક અને શાસ્ત્રોમાં નિષેધ કરાયલો ન હોવાથી દૂધ વગેરેથી કરાતું પ્રક્ષાલન વિરુદ્ધ નથી જ.

**न य दुट्ठा वि हु देवा, दुद्धाईहिं न्हविज्जमाणंगा ।**
**रूसंती थेवं पि हु, अवि वरदाणुम्मुहा हुंती ॥ १७ ॥**

૧૭ દૂધ વગેરેથી પ્રક્ષાલન કરતાં દુષ્ટ એવા પણ દેવો જરાય રીસ નથી કરતા, ઊલટાના વરદાન દેવાને તેઓ અતિશય સન્મુખ થાય છે.

**वत्तणुवत्तपवत्ता, दीसइ चिरकालिया य एस विही ।**
**गीयत्थाणुन्नाया, चिरकइबद्धाऽणुवत्ता य ॥ १८ ॥**

૧૮ [1]વૃત્ત, [2]અનુવૃત્ત, [3]પ્રવૃત્ત અને ચિરકાલની તથા ગીતાર્થોથી અનુજ્ઞાત એ વિધિ છે. અને વળી તે લાંબા કાળથી વિદ્વાનોએ શાસ્ત્રબદ્ધ કરેલી તથા તેઓએ આચરેલી છે.

**आसायणदोसो वि हु, विसिट्ठ-अविणट्ठदुद्धमाईहिं ।**
**ण्हवणंमि कीरमाणे, होइ जढो भावबुड्ढी य ॥ १९ ॥**

૧૯ અતિશ્રેષ્ઠ અને તાજા દૂધ વગેરેથી પ્રક્ષાલન કરતાં આશાતનાનો દોષ પણ દૂર થાય છે, અને ભાવની વૃદ્ધિ થાય છે.

---

૧ પ્રથમવાર પ્રવર્તેલી તે વૃત્ત. ૨ બીજીવાર પ્રવર્તેલી તે અનુવૃત્ત. ૩ વાર વાર પ્રવર્તેલી તે પ્રવૃત્ત, કે જે મહાજનથી વ્યવહૃત થઈ ગયેલી હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**जइ पुण न तहा भावो, कस्सइ दुद्धाइणा उ संभवइ ।**
**गंधोदयं पि जुज्जइ, जह भावो होइ तह किच्चं ॥ २० ॥**

૨૦ જો કોઈને દૂધ વગેરેથી તેવા પ્રકારનો ભાવ બરાબર ન જાગતો હોય તો તેના માટે સુગંધી જલ પણ યોગ્ય છે. જે રીતે ભાવ જાગે તેવા પ્રકારે કાર્ય કરવું.

**जिणबिंबपूयणाईसु, जस्स भावो जहिं जहिं रमइ ।**
**सो तस्स मोक्खहेऊ, ता न खमो एगपक्खगहो ॥ २१ ॥**

૨૧ જિનપ્રતિમાના પૂજન વગેરેમાં જેનો ભાવ જ્યાં જ્યાં રમે છે, તે તે તેને મોક્ષનું કારણ છે. તેથી એકાંત પક્ષનો આગ્રહ ઘટતો નથી.

**अक्खय-वत्थाईणि य, परउवओगि त्ति नेव जुत्ताइं ।**
**णन्तभवहेउभावा, एयं पि विगप्पणामेत्तं ॥ २२ ॥**

૨૨ અક્ષત અને વસ્ત્રાદિ અન્યના ઉપયોગમાં આવે, અને તેથી અનંતભવનું કારણ બને માટે તેથી પ્રભુપૂજન યુક્ત નથી, એ પણ વિપરીત કલ્પના માત્ર જ છે.

**जइ भावदोसविरहा, पूयाकारिस्स एस दढदंडो ।**
**ता साहुभूरिदाणे, अजिन्नमरणे य रिसिघाओ ॥ २३ ॥**

૨૩ જો ભાવ દોષ વગર પણ પૂજા કરનારને આ મજબૂત દંડ લાગી જાય તો પછી સાધુને અતિ વિશેષ દાન દેતાં તેને અજીર્ણ કે મરણ થાય તો ઋષિહત્યા લાગવી જોઈએ.

**जिणभवणाईणं पि हु, कारवणे जं भवाण हेउत्ते ।**
**भूरिभावदोसभावा, तदकारवणं परं इट्ठं ॥ २४ ॥**

૨૪ જિનમંદિરાદિના પણ કરાવવામાં ઘણા ભાવદોષની આપત્તિને લઈ ભવના કારણપણાથી તે ન કરાવવાનું તને માન્ય છે.

**मा सव्वहा वि कुग्गह-सिप्पिविकप्पणविमोहिया भद्दा ! ।**
**अच्चंतबहुस्सुयसंसि-ए वि भावे विसंकेह ॥ २५ ॥**

૨૫ કદાગ્રહ રૂપી શિલ્પીની વિપરીત કલ્પનાઓથી મોહિત થયેલા હે ભદ્રો ! અત્યંત બહુશ્રુતોના પ્રરૂપેલા ભાવોમાં પણ કોઈપણ રીતે શંકાને સ્થાન ન આપો.

**न हि पुव्वमुणीसरदिट्ठ-मग्गमवहाय समइघडिओ वि ।**
**अन्नो विज्जइ पंथो, सिद्धिपयट्टाण सत्ताण ॥ २६ ॥**

૨૬ મોક્ષ તરફ પ્રવર્તેલા જીવોને માટે પૂર્વ મુનીશ્વરોએ નિર્દેશેલા માર્ગને ત્યજી અન્ય કોઈ માર્ગ નથી જ.

**एवं सिक्खविओ वि हु, अज्जुणतो अज्जुणो व्व जडपयई ।**
**अवमन्नियमुणिवयणो, न पवन्नो तहवि नियदोसं ॥ २७ ॥**

૨૭ આવી રીતે ઉપદેશથી સમજાવતાં છતાં ય અર્જુન વૃક્ષની જેમ જડ સ્વભાવના અજ્જુનતે મુનિવચનની અવજ્ઞા કરી અને પોતાની ભૂલ ન સ્વીકારી.

**तुमए वि तस्स पंथो, सत्थाह ! समत्थिओ हि सुकरो त्ति ।**
**सच्छंदपयाराओ, सुहे न विलसंति बुद्धिओ ॥ २८ ॥**

૨૮ સાર્થવાહ! તમે પણ સુકર-સ્હેલો હોવાથી તેનો માર્ગ સમર્થન કર્યો? સ્વચ્છંદ પ્રચાર કરતી બુદ્ધિએ શુભમાં સુંદર રીતે નથી રમતી!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# कल्पसूत्र-सुबोधिका

[ પર્વાધિરાજ પર્યુષણમાં વંચાત–સંભળાતા ગ્રંથમણિની સર્વદેશીયતાનો પરિચય ]

પરિચાયક—**પૂજ્ય મુનિમહારાજ શ્રી દર્શનવિજયજી** (ત્રિપુટી)

ચાદ પૂર્વધારી શ્રી ભદ્રબાહુસ્વામીએ છેદસૂત્રોની રચના કરી છે, જે પૈકીના દશાશ્રુત-સ્કંધના આઠમા અધ્યયનના વિસ્તાર રૂપે શ્રી કલ્પસૂત્રની સ્વતંત્ર રચના કરી છે.

જૈન સંઘમાં ભાદરવા શુદિ ચોથે મૂળ પાઠ રૂપે અને તેની પહેલાંના અનન્તર ચાર દિવસોમાં અર્થ–વિવેચન રૂપે એમ પર્યુષણના પાંચ દિવસો સુધી આ સૂત્રનું જ વ્યાખ્યાન કરવામાં આવે છે. શરૂમાં તો માત્ર સાધુ–સાધ્વી જ તેનું વાચન અને શ્રવણ કરતા હતાં. પછી વીરવિ સં. ૯૮૦ કે ૯૯૩ માં પૂ. શ્રી કાલિકાચાર્યે આ સૂત્રને વડનગરમાં ચતુર્વિધ સંઘની સભા સન્મુખ પહેલવહેલાં જાહેર વ્યાખ્યાન રૂપે સંભળાવ્યું. ત્યારથી આજસુધી જૈન મુનિઓ શ્રી કલ્પસૂત્રને તે પાંચ દિવસો સુધી વાંચે છે, અને ચતુર્વિધ સંઘ સાંભળે છે.

આ સૂત્ર ઉપર નાની--મોટી ઘણી અંતર વાચનાઓ અને ટીકાઓ બનેલ છે. જગદ્-ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે આ સૂત્ર ઉપર એક સરળ ટીકા બનાવી છે જેનું નામ "સુબોધિકા" યાને "સુખબોધિકા" છે.

અત્યારે જૈન સંઘ દર સાલ પર્યુષણ પર્વના દિવસોમાં વિશેષતઃ આ કલ્પસૂત્ર–સુબોધિકાનું જ વ્યાખ્યાન કરે છે—સાંભળે છે.

પાંચ દિવસોમાં જરૂરી દરેક વિષયોને સંભળાવી દેવા ખાતર કલ્પસૂત્રમાં અને વિશેષતઃ સુબોધિકામાં ઘણા વિષયોનો સંગ્રહ કરવામાં આવ્યો છે, જે પૈકીના કેટલાક વિષયો સૂચન રૂપે છે, કેટલાએક ગૂઢ રૂપે છે અને કેટલાકએક વિશદરૂપે આપવામાં આવ્યા છે. ઉપલક દૃષ્ટિએ નહીં, પરન્તુ સ્થિર બુદ્ધિથી આ વ્યાખ્યાનોનું પરિશીલન કર્યા પછી એમ નિર્વિવાદ માનવું જ પડે છે કે આ સુબોધિકાના વ્યાખ્યાનમાં દરેકેદરેક જરૂરી વિષયોનું નિરૂપણ કરવામાં આવેલ છે. એવો વિષય ભાગ્યે જ હશે કે જેને માટે આ સૂત્રમાં ઈશારો નહીં હોય. એકંદરે જીવનને સ્પર્શતા લગભગ દરેક વિષયો આ સૂત્ર દ્વારા પાંચ દિવસમાં જ સાંભળી શકાય છે એમ કહેવામાં કશી પણ અતિશયોક્તિ નથી.

આ સૂત્રમાં અને સુબોધિકામાં કયા કયા વિષયોનો કઈ કઈ રીતે નિર્દેશ છે તે બતાવવા માટે જ પ્રસ્તુત લેખ–પ્રયાસ કરવામાં આવ્યો.

એકંદરે કલ્પસૂત્ર—સુખબોધિકામાં નિર્દેશેલ વસ્તુઓ પૈકીની થોડીએક નીચે મુજબ છે—

## વ્યાખ્યાન પહેલું : શ્રમણભગવાન મહાવીરનું ચ્યવન અને ઈંદ્રસ્તુતિ

**દશ કલ્પ**—આમાં સાધુઓના આચારોનું સ્પષ્ટીકરણ છે. જૈન સાધુ--સાધ્વીઓએ વસ્ત્ર કેવાં લેવાં, આહાર કેવો લેવો, મકાનમાં કઈ રીતે રહેવું, રાજમહેલમાં કઈ રીતે જવું આવવું, પરસ્પરમાં કેમ વર્તવું, દોષોને કેવી રીતે શોધવા, ક્યાં કેટલું રહેવું, અને ચોમાસું કઈ રીતે વીતાવવું?—આ દરેક બાબતો પર આ દશ કલ્પમાં જરૂરી પ્રકાશ પાડવામાં આવ્યો છે, જે પૈકીની ઘણી બાબતો તો સાધુ—સાધ્વીના સંપર્કમાં આવનાર ગૃહસ્થોને જાણવી જરૂરી છે. (પૃષ્ઠ ૧ થી ૮)

**વક્રજડ**—આજે આ દોષની વિશેષતા છે અને તેથી જ જૈન મુનિનો ત્યાગ અજોડ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવા છતાં જૈન મુનિઓ શાસનોન્નતિ વગેરે લાભો મેળવી શકતા નથી. જૈન ગૃહસ્થો પણ ધની માની દાની હોવા છતાં ઉક્ત દોષના કારણે ધર્મપ્રચાર સાધી શકતા નથી. (પૃષ્ઠ ૮)

**કલ્પશ્રવણ**—જેમાં કલ્પસૂત્રની પ્રધાનતા, ચૌદપૂર્વી શ્રી ભદ્રબાહુસ્વામીની પ્રાભાવિકતા, પૂર્વશ્રુત--શાસ્ત્રોની વિશાલતા અને શ્રોતાની એકાગ્રતાનું દિગ્દર્શન છે, સાથે સાથે પર્યુષણામાં કલ્પસૂત્ર વાંચવાનું ક્યારથી શરૂ થયું વગેરે ઇતિહાસ છે. ( પૃ. ૧૩ )

**નાગકેતુની કથા**—આ કથામાં બાલકની હિમ્મતનો પરિચય કરાવ્યો છે અને બાલક પણ પોતાના પ્રભુ માટે કેટલું બલિદાન આપવા સજ્જ થાય છે તેનું સુંદર બ્યાન કરેલ છે. શ્રોતાઓએ પોતાનાં ધર્મસ્થાનોની રક્ષા માટે કેટલા તૈયાર રહેવું જોઈએ તેનો બોધપાઠ આ કથામાંથી બરાબર મળે છે. ( પૃ. ૧૬ )

**ત્રણ વાચ્ય**--કલ્પસૂત્ર ત્રણ વિભાગમાં વહેંચાએલ છે: ૧ જિનચરિત્ર, ૨ સ્થવિરાવળી અને ૩ આચાર, એટલે આ કલ્પ—આચાર કયા કયા આચાર્યો પાસે થઈ કયા ક્રમથી આપણને મલ્યો છે તેનું મૂળ પણ આ ત્રણ વિભાગો પાડવાથી સ્પષ્ટ થઈ જાય છે. (પૃ.૧૮)

**ભગવાન્**—શ્રમણ ભગવાન મહાવીર સ્વામી તે ભગવાન એટલે કેટલા ગુણોવાળા છે તેનો નિર્દેશ સરળતાથી બતાવ્યો છે. ( પૃ. ૧૯ )

**ચ્યવન**—છ આરાનું ટૂંકું સ્વરૂપ અને આરાના હિસાબે મહાવીર સ્વામીનો સમયનિર્ણય. મહાવીર સ્વામીનો પૂર્વ ભવ, ગર્ભમાં આગમન, તેનું સ્થાન, માતા-પિતા. ( પૃ. ૨૪ ).

૧૪ સ્વપ્નનાં નામ અને તેને અંગે સ્વપ્નદ્રષ્ટાની પ્રવૃત્તિ, ઉત્સુકતા વગેરે. (પૃ. ૨૮)

**સામુદ્રિક**—હાથની રેખાઓ વગેરેનું વર્ણન, મસા તલ માન ( ઘેરાવો ) ભાર અને ઉંચાઈ વગેરેનું વર્ણન. ( પૃ. ૩૪ )

**વેદઆદિ**—તત્કાળીન બ્રાહ્મણોના કેટલાએક પાઠ્ય ગ્રંથોની નામાવલી એક સાથે દાખલ કરવામાં આવી છે. ( પૃ. ૪૦ )

**ઇંદ્ર**—સૌધર્મેન્દ્રના નામાંતરો ઋદ્ધિ અને કાર્તિક શેઠનું ચરિત્ર વગેરે.

વૈરાગ્યનાં ૧૭ કારણો બતાવાય છે તે પૈકીના અપમાનને કારણે દીક્ષા લેવી એ વસ્તુ ઉક્ત ચરિત્રમાં પણ મળે છે. અભિમાની માટે આ માર્ગ પણ આદર્શ રૂપ છે. ( પૃ. ૪૫)

**મુદ્રા**—ઈંદ્ર 'નમુત્થુણું' બોલવા પહેલાં જે દેહચેષ્ટા કરે છે તેમાં વિનય, જોડાનો ત્યાગ, ઉત્તરાસંગનું ધારણ અને ચૈત્યવંદન મુદ્રાનું સુંદર ચિત્રણ મળે છે. ચૈત્યવંદન કરનારે કેમ બેસવું એ આ વર્ણન--પાઠથી સમજી શકાય તેમ છે. ( પૃ. ૫૨ )

**નમુત્થુણું**—રોજ રોજ ચૈત્યવંદનમાં નમુત્થુણંનો પાઠ બોલીએ છીએ તેનું રહસ્ય જાણવું જ જોઈએ. કલ્પસૂત્રના નમુત્થુણં પાઠનો અર્થ સાંભળવાથી તે ભાવના ઘણે અંશે સફળ થાય છે. તેમાં બતાવેલા વિશેષણપદો કઈ રીતે વ્યાજબી છે તે આપણે અહીં જાણવા મળે છે. ( પૃ. ૫૬ થી ૬૩ )

**મેઘકુમાર**—નમુત્થુણુંના ધર્મસારથિ શબ્દ ઉપર આ કથા છે, જેમાં મેઘકુમારની પૂર્વ ભવની અનુકંપા, રાજભોગનો ત્યાગ, વળી કંટાળો, અંતે સંયમમાં સ્થિરતા અને અંતે દેહમમતાનો ત્યાગ વગેરે વર્ણન છે. અનુકંપા માટે અને અસ્થિર મનવાળા સાધુઓને સ્થિર થવા માટે આ ચરિત્રમાંથી ઉપયોગી બોધપાઠ મળી શકે છે. ( પૃ. ૫૭ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વ્યાખ્યાન બીજું : ગર્ભપરાવર્તન અને ૪ સ્વપ્ન**

**તીર્થંકરનું કુળ**—તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ કે વાસુદેવ ઉત્તમ કુળમાં જન્મ લ્યે છે, કિન્તુ શૂદ્ર હલકાં તુચ્છ નિર્ધન લોભી ભિખારી કે બ્રાહ્મણ કુલમાં જન્મ લેતા નથી. આ કથનનો ફલિતાર્થ એ છે કે ઉત્તમ પુરુષોનો જન્મ પ્રધાન કુળમાં જ થાય છે.

આજે ડૉકટરો માને છે કે—અમુક રોગો સંતાનપરંપરામાં વારસા રૂપે ઊતરે છે. એ જ રીતે પ્રાચીન આર્યો માને છે કે—અમુક ગુણો પણ વંશપરંપરામાં વારસા રૂપે ઊતરે છે. ઉપરના પાઠનો પણ એ જ ધ્વનિ છે કે તીર્થંકર ભગવાન શૂદ્ર કુળોમાં અવતરતા નથી. મહાભારતમાં એક રાજકન્યા એક બ્રાહ્મણકન્યાને ભિક્ષુક કુલની કહી સંબોધે છે. આવા આવા કારણે બ્રાહ્મણકુલ ઓજસ્વી પુરુષોના જન્મ માટે ઉપયુક્ત મનાતું નથી. ( પૃ. ૬૪ થી ૭૩ ).

**૧૦ આશ્ચર્યો**—અનંત ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળ જતાં કોઈ કોઈ વાર વિચિત્ર ઘટનાઓ બને છે, એવી વર્તમાન અવસર્પિણી કાળમાં ૧૦ ઘટનાઓ બની છે જેમાં ખાસ ધ્યાન ખેંચે એવા બીજા બીજા પ્રસંગો પણ મળે છે જે નીચે પ્રમાણે છે—

૧. નવા ધર્મસ્થાપકને પોતાના ધર્મની વૃદ્ધિ માટે તાલાવેલી, તે ઉપર ગોશાળાનું દૃષ્ટાંત, અતિલોભનું પરિણામ, ગુરુની રક્ષા માટે બલિદાન આપનાર મુનિ સુનક્ષત્ર અને મુનિ સર્વાનુભૂતિનું દૃષ્ટાંત. ૩. સ્ત્રીનો સમાન હક્ક, તે તીર્થંકર પણ થઈ શકે છે. ૪. ભગવાનની દેશના પણ નિષ્ફળ જાય છે તો બીજાએ તો ગર્વ કરવો જ ન જોઈએ. ૫. જૈન દૃષ્ટિએ નરસિંહનું વર્ણન. ૮ દેવોમાં પણ લડાઈ થાય છે એટલે કે દેવલોકમાં પણ સાચું સુખ નથી. ૯. રાજવંશોમાં ત્યાગમાર્ગની પ્રધાનતા, વગેરે વગેરે ( પૃ. ૬૭ થી ૭૨ )

**મહાવીર સ્વામીના પૂર્વ ભવો**—જેમાં ઉત્ક્રાન્તિવાદ, કર્મવાદ, અને ઉન્માર્ગીને સંસારવૃદ્ધિ અને આત્મા તે પરમાત્મા ઇત્યાદિ સિદ્ધાંતો સુંદર રૂપે મળે છે. (પૃ.૭૩ થી ૮૦)

**વૈક્રિય શરીર**—દેવો બીજા શરીર બનાવે છે તેનું વર્ણન. ( પૃ. ૯૪)

**ગર્ભાપહરણ**—દેવ ભ. મહાવીર સ્વામીના ૮૩ દિવસના ગર્ભને દેવાનંદા બ્રાહ્મણીના ઉદરમાંથી લઈ ત્રિશલા ક્ષત્રિયાણીના ઉદરમાં મૂકે છે અને એ જ રીતે ત્રિશલા ક્ષત્રિયાણીના કન્યાગર્ભને લઈ દેવાનંદાના ઉદરમાં મૂકે છે. ( પૃ. ૯૮ થી ૧૦૫ )

**ચાર સ્વપ્ન**—સ્વપ્નમાં દેખાતી વસ્તુઓનું વાસ્તવિક વર્ણન. આજકાલ બેઠેલી લક્ષ્મીદેવીનાં ચિત્રો લગભગ અહીં આપેલ વર્ણન પ્રમાણે જ ચિતરાય છે. (પૃ.૧૧૧ થી ૧૨૭)

**વ્યાખ્યાન ત્રીજું: તીર્થંકરની માતાનાં સ્વપ્નો**

**દશ સ્વપ્નો**—ચૌદ પૈકીનાં શેષ ૧૦ સ્વપ્નોનું વિશદ વર્ણન. ( પૃ. ૧૫૫ )

**રાણીનું જવું**—રાજા-રાણીના સ્વતંત્ર જુદા જુદા શયનગૃહો હતાં એટલે રાણી રાજા પાસે જાય છે. ( પૃ. ૧૫૫ )

**રાજાની દિનચર્યા**—સિદ્ધાર્થ રાજા સૂર્યોદય થતાં ઊઠે છે, અખાડામાં જઈ વ્યાયામ કરે છે, મલ્લયુદ્ધ કરે છે, શરીરે સુગંધી તેલ ચોળાવી પાકા સ્નાન ઘરમાં જઈ સ્નાનપીઠ ઉપર બેસી જુદી જુદી ઔષધી અને પાણીથી સ્નાન કરે છે, રૂંછડાવાળા રૂમામથી શરીરને લૂંછે છે, શરીરે સુગંધી ચંદન વગેરે લગાવે છે, બહુ કીમતી વસ્ત્ર ફૂલની માલા અને આભૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ષણો પહેરે છે અને સ્નાનગૃહથી નીકળી રાજપરિવાર સાથે કચેરીમાં આવે છે વગેરે આ પાઠમાંથી સુખી મનુષ્યના દૈનિક કાર્યક્રમનો આછો પરિચય મળે છે. (પૃ.૧૬૯ થી ૧૮૨)

**યવનિકા**—રાણીને બેસાડવા માટે રાજા રાજભામાં પડદા પાછળ સિંહાસન ગોઠવાવે છે. આથી તે સમયે પણ ખાનદાન સ્ત્રીઓ જાહેર સભાઓમાં ખુલ્લી બેસતી ન હતી એમ સમજી શકાય છે. (પૃ. ૧૮૪)

**અષ્ટાંગ નિમિત્ત**—તે સમયે તે જ જ્યોતિષી પર વિશ્વાસ કરાતો કે જે નિમિત્તનાં આઠે અંગનો જાણકાર હોય. (પૃ. ૧૮૫)

**એકત્ર મિલન**—નિમિત્તિયાઓ એકત્ર મળી એકને પોતાનો વડો બનાવી રાજ-સભામાં જાય છે. એક ન થવાથી પાંચસો સુભટની દુર્દશા થઈ તે દૃષ્ટાંત આપ્યું છે. આ ઉપરથી ધર્મરક્ષકો આચાર્યો અને સંઘનાયકોને ઘણો ધડો લેવાનો છે. (પૃ. ૧૮૯).

**વ્યાખ્યાન ચોથું : સ્વપ્નફળ અને ભગવાનનો જન્મ**

**સ્વપ્ન**—વિવિધ સ્વપ્નો અને તેના ફળનું વર્ણન, ચૌદ સ્વપ્નનું ફળ, અને ચૌદ રાજ પ્રમાણ લોકની પ્રભુતા માટે ચૌદ સ્વપ્નની વાસ્તવિકતા. (પૃ૦ ૧૯૨ થી ૨૧૦)

**ધનવૃદ્ધિ**—ભગવાન ગર્ભમાં આવ્યેથી સિદ્ધાર્થ રાજાનું ભવન દરેક રીતે વૃદ્ધિ-સમૃદ્ધિથી છલોછલ થવા લાગ્યું. અહીં તત્કાલીન નગર-રચના અને ગ્રામ્ય--રચનાનો પણ ઠીક ઠીક ખ્યાલ આવી શકે છે. (પૃ૦ ૨૧૧ થી ૨૧૪)

**અલીનતા**—ભગવાનની માતૃભક્તિ, માતાનો પુત્રપ્રેમ, પુત્રૈષણાવાલાને લેવો જોઈતો બોધપાઠ, પુત્ર ન થવાનાં કારણો, પાંચમા આરાનો સ્વભાવદોષ વગેરે. (પૃ૦ ૨૧૮ થી ૨૨૫)

**અભિગ્રહ**—ભ૦ મહાવીર ગર્ભમાં જ પ્રતિજ્ઞા કરે છે કે–"માતાપિતા જીવે ત્યાં સુધી મારે દીક્ષા લેવી નહીં." ભગવાન આ પ્રતિજ્ઞાથી 'માતૃભક્તિ'નો આદર્શ પૂરો પાડે છે. (પૃ૦ ૨૨૬)

**ગર્ભરક્ષા**—ખાસ ગર્ભવતીને જરૂરી ઘણા વિષયો આમાં મળી રહે છે, જેમાં દોહદ અને તેની પૂર્તિનો પણ સમાવેશ થાય છે. ત્યારપછી ૨૪ તીર્થંકરોનો ગર્ભકાળ ગણાવ્યો છે. (પૃ૦ ૨૨૭ થી ૨૩૨)

**જન્મ**—ચૈ. શુ. ૧૩ ની મધ્યરાતે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ઉચ્ચ અંશમાં ગ્રહો હતા, દિશાઓ શાંત, અંધકાર રહિત અને શુદ્ધ હતી. સારાં શકુનો પ્રવર્તતાં હતાં, અનુકુળ પવન હતો, ધરતી લીલીછમ હતી, લોકો પ્રમુદિત હતા ત્યારે ત્રિશલારાણીએ ભગવાન મહાવીર સ્વામીને જન્મ આપ્યો. (પૃ૦ ૨૩૨–૨૩૪)

**વ્યાખ્યાન પાંચમું : મહાવીર સ્વામીનું ગૃહીજીવન અને દીક્ષા**

**જન્મોત્સવ**—દિક્કુમારીઓ દેવો અને સિદ્ધાર્થ રાજાએ ભગવાન મહાવીરનો જન્મોત્સવ કર્યો. અહીં યુવરાજના જન્મ નિમિત્તે રાજાઓ શું શું કરતા તેના સ્પષ્ટ ઉલ્લેખો છે. દશ દિવસની સ્થિતિ, પતાકા, ત્રીજે દિવસે ચંદ્રસૂર્યદર્શન, છઠ્ઠે દિવસે રાત્રિજાગરણ, ૧૧ દિવસનું સુતક, જ્ઞાતિભોજન, બાલકનું નામકરણ વગેરે વિધાનો છે. (પૃ.૨૩૬થી ૨૬૨)

**નામ**—ભ૦ મહાવીર સ્વામીનાં ૩ નામો છે : ૧. વર્ધમાન, ૨. શ્રમણ અને ૩. શ્રમણ ભગવાન મહાવીર. (પૃ૦ ૨૬૨–૨૬૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બાલક્રીડા**—ભ૦ મહાવીર બાલ્યવયમાં આલમકી ક્રીડા રમે છે. આ ઉપરથી તત્કાલીન બાલ-રમતોનો ખ્યાલ આવે છે. સાથે સાથે ભગવાન બાલ્યકાલે પણ કેટલા સમર્થ હતા તે સમજાય છે. (પૃ૦ ૨૬૩—૨૬૫)

**નિશાળ**—બાળકને નિશાળે બેસાડવાનું પ્રાચીન વર્ણન. (પૃ૦૨ ૬૭)

**કુટુંબ**—ભગવાન મહાવીરનાં માતા પિતા કાકા ભાઈ બેન પત્ની પુત્રી અને દૌહિત્રીનો પરિચય અને સાત્વિકજીવન. (પૃ૦ ૨૬૯ થી ૨૭૨)

**દાન**—ભગવાન્ દીક્ષા પહેલાં વાર્ષિક દાન આપે છે, જેમાં કોઈ જાતનો ભેદભાવ રાખવામાં આવતો નથી. (પૃ૦ ૨૭૫ થી ૨૭૭)

**દીક્ષાનો વરઘોડો**—જેમાં વરઘોડાની વ્યાખ્યા અને તેને લગતું સુંદર બ્યાન છે. (પૃ૦ ૨૭૮ થી ૨૮૯)

**દીક્ષા**—ભગવાન મહાવીરે એકાકીપણે ચોવીહારો છઠ્ઠ કરીને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં એક દેવદૂષ્ય-વસ્ત્ર ગ્રહણ કરીને દીક્ષા લીધી, અને તે જ સમયે તેઓને મનઃપર્યાય જ્ઞાન ઉત્પન્ન થયું (પૃ૦ ૨૯૦ થી ૨૯૨)

## વ્યાખ્યાન છઠ્ઠું : ભગવાન મહાવીરનું મુનિજીવન, ઉપસર્ગો કેવળજ્ઞાન; ગણધરવાદ, દીક્ષાઓ, ઉપકાર અને મોક્ષગમન

**સ્વાશ્રયી જીવન**—ઈન્દ્ર ભગવાનને ઘોર ઉપસર્ગમાં મદદ કરવા માટે તૈયારી કરે છે, ત્યારે ભગવાન તેને મના કરીને સંભળાવે છે કે-"હે ઈન્દ્ર! તીર્થંકરો કદાપિ બીજાની સહાયથી કેવળજ્ઞાન મેળવે નહીં." આમાં "આપ સમાન બળ નહીં" એ સૂત્રનું જ્વલંત દૃષ્ટાંત છે. (પૃ૦ ૨૯૫)

**પ્રતિજ્ઞા**—ભગવાને પહેલા ચોમાસામાં પાંચ પ્રતિજ્ઞાઓ કરી, ૧-અપ્રીતિવાલાને ત્યાં ન રહેવું, ૨-પ્રતિમાધારી રહેવું, ૩-ગૃહસ્થનો વિનય ન કરવો, ૪-મૌન રહેવું, ૫-હાથમાં આહાર લેવો--આમાં પણ સ્વાશ્રયી જીવન અને ઉત્કટ આત્મસાધનાનો જ સાક્ષાત્કાર થાય છે. (પૃ૦ ૨૯૭)

**વસ્ત્રધારણ**—ભ૦ મહાવીર સ્વામીને ૧ વર્ષ અને એક મહિનાથી વધુ દેવદૂષ્ય વસ્ત્ર રહ્યું હતું અને બાકીનું અર્ધ વસ્ત્ર ઝરડામાં ભરાઈ ગયું હતું. અહીં અર્ધું વસ્ત્ર દેવામાં દાન ભાવના અને બ્રાહ્મણત્વના લોભી સંસ્કારનું મિશ્રણ મળી રહે છે. (પૃ૦ ૨૯૭—૨૯૮)

**ઉપસર્ગો**—ભ૦ મહાવીર સ્વામીએ ૧૨॥ વર્ષ સુધી અનેક ઉપસર્ગો ક્ષમાભાવે સહન કર્યા છે, જે દરેક પ્રસંગે તેઓની વાસ્તવિક મહાવીરતા ઝળકે છે. તેમાં બીજા પણ ઘણા પ્રસંગો સંકળાએલા છેઃ જેમકે—શોણભદ્ર નદી પરના અસ્થિક ગામનો ઇતિહાસ, ભગવાનનો મુનિદશામાં ભદ્રાકાળ, ઉત્તમ પુરુષોને પણ સ્વપ્ન આવે છે, ક્રૂર ચંડ કૌશિક જેવાને શાંત-ક્ષમાધર બનાવવો, ક્રોધનું દુષ્પરિણામ, મથુરાના સાધુદાસ જેવો વિવેકી શ્રાવક પોતાના નોકર ચાકરને તો શું કિન્તુ પોતાના બળદને પણ સુખી રાખે-ધર્મી બનાવે, ગૌશાળા જેવો ચસ્કેલ મનુષ્ય પણ મોટા પુરુષોની સેવાથી-કૃપાથી મહાન દાર્શનિક બને છેઃ નિયતિવાદનું મૂળ, ઓછા મનુષ્યને સામર્થ્ય-સત્તાનો ઉન્માદ થાય છે, ભ૦ પાર્શ્વનાથના સંતાનીય સાધુઓ, ભગવાન હેડમાં પુરાયા, પૂર્વભવની રાણીનું વૈર, તેજોલેસ્યાનો ઇતિહાસ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તલના છોડથી ગોશાળાને નિયતિવાદનું સમર્થન, ગોશાળાએ જુદો મત ચલાવ્યો, પેઢાલ ગામમાં સંગમકના ઉપસર્ગો ( ભગવાનને વધ અને ફાંસીએ લટકાવ્યા ), સુસુમારમાં ભગવાનની નિશ્રાથી ચમરોત્પાત, ભગવાનનો ઘોર અભિગ્રહ અને ચંદનબાલાએ કરેલી તેની પૂર્તિ, પૂર્વભવમાં નોકરના કાનમાં ગરમ ગરમ સીસું રેડાવ્યું હતું તેથી ભગવાનના કાનમાં ખીલા ઠોકાયા, કર્મનો અટલ નિયમ વગેરે. ( પૃ. ૩૦૦ થી ૩૨૦ )

**સાત્ત્વિક મુનિજીવન**—( પૃ૦ ૩૨૦ થી ૩૨૯ )

**કેવળજ્ઞાન**—ભગવાનને જાંભક ગામ પાસે ઋજુવાલુકા નદીને કિનારે ધ્યાન કરતાં કરતાં વૈ. શુ. ૧૦ ના ત્રીજા પ્રહરે કેવલજ્ઞાન પ્રકટ થયું. ત્યારે તેઓએ ત્યાગ માટે જે ઉપદેશ આપ્યો તે નિષ્ફળ નીવડયો હતો. ( પૃ૦ ૩૨૯ થી ૩૩૪ )

**ગણધરવાદ**—ભગવાન વિહાર કરી વૈ. શુ. ૧૧ ની સવારે અપાપાપુરીમાં પધાર્યા ત્યારે અગ્નિભૂતિ ગૌતમ વગેરે ચૌદ વિદ્યાના પ્રકાંડ વિદ્વાનો ત્યાં સોમિલભટ્ટને ઘરે યજ્ઞ કરવા માટે આવ્યા હતા. તેઓમાં વિદ્યા હતી, પણ અંદરમાં ગાઢ અંધકાર હતો-વિદ્યાનો ઘમંડ હતો. મનુષ્ય જેમ ચાંપ દબાવી બત્તી પ્રકટાવી ઓરડામાંના અંધારનો નાશ કર છે તેમ ભગવાને પણ સ્યાદ્વાદની ચાંપ દબાવી તે દરેકના હૃદયમાં સમ્યક્ત્વ પ્રકટાવી તેઓના મિથ્યાત્વ અંધકારનો નાશ કર્યો, દરેકને શંકારહિત બનાવ્યા, અને ક્ષણવાર પહેલાંના ઘમંડી વિદ્વાનને પોતાના શિષ્ય બનાવી ગણધરપદે સ્થાપ્યા. તેઓની સાથે બીજા ૪૪૦૦ બ્રાહ્મણ-બાલકોએ દીક્ષા લીધી. આ શાસ્ત્રાર્થમાં જીવ, કર્મ, પાંચ ભૂતો, દેવલોક, કર્મબંધ, નરક, પુણ્ય, પરલોક અને મોક્ષ આદિ વિષયો સમજાવી નાસ્તિકવાદનું બહુ યુક્તિથી નિરસન કરવામાં આવેલ છે. ( પૃ૦ ૩૧૪ થી ૩૪૯ )

**ત્રિપદી**—જગત અને તેના દરેક પદાર્થો ત્રણ દશાવાળા હોય છેઃ સત્ પદાર્થનું આ લક્ષણ છે, આથી જ અનાદિ અનંત જગતની વ્યવસ્થા સમજી શકાય છે. ગણધરો આ ત્રિપદીને બરાબર સમજીને ૧૨ આગમ શાસ્ત્રોની રચના કરે છે. (પૃ. ૩૪૨)

**ચોમાસાં**—ભગવાને ૧૦ સ્થાનોમાં ૪૨ ચોમાસાં કરેલ છે. આ ઉપરથી તેઓના વિહારક્ષેત્રની સીમા મુકરર કરી શકાય છે. ( પૃ૦ ૩૫૦—૫૧ )

**મોક્ષ**—ભગવાન છેલ્લા ચોમાસામાં મધ્યમા--પાવાપુરીમાં હસ્તિપાલ રાજાની લેખકશાળામાં આસો વદિ અમાસની રાત્રે છેલ્લા પહોરે ૨૯ મા સર્વાર્થસિદ્ધ મુહૂર્તમાં મોક્ષે પધાર્યા. અને દેવોએ ત્યારે નિર્વાણોત્સવ કર્યો. અહીં યુગ, સંવત્સર, માસ, દિવસ, રાત્રિ, લવ, પ્રાણ, સ્તોક, કરણ, અને મુહૂર્તના ઉલ્લેખો છે. ( ૩૫૨ થી ૫૭ )

વળી આજે પણ યૂ. પી. વગેરે પ્રદેશોમાં જૈન જૈનેતરો દિવાળીના પાંચ દિવસ સુધી સમોસરન ( હાટડી ) બનાવી તેની પૂજા કરે છે તેનું મૂળ ઉપરની ઘટના છે.

**ગૌતમસ્વામી**—ભગવાન મોક્ષે ગયા પછી પ્રેમબંધન તૂટવાથી ઇંદ્રભૂતિ ગૌતમ ગણધરને કેવળજ્ઞાન થયું. પ્રશસ્ત રાગ પણ મોક્ષને રોકે છે એ વસ્તુ આ દૃષ્ટાંતમાં સરસ રીતે આલેખી છે. ( પૃ. ૩૫૭—૩૫૮ )

**રાજાઓ**—તે કાલે મલ્લકી અને લિચ્છવી રાજાઓ પણ જૈનધર્મી હતા, જેઓ ત્યાં ઉપવાસ કરી બેઠા હતા. તેઓએ દીપમાળા પ્રકટાવી. ( પૃ. ૩૫૯—૩૬૦ )

અહીં દિવાળી પર્વ અને ભાઈબીજનો ઇતિહાસ સુરક્ષિત મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૮૮ ગ્રહો**—તે રાત્રે ૮૮ ગ્રહો પૈકીનો ૩૦ મો ભસ્મરાશિ નામનો મોટો ગ્રહ ભગવાનના જન્મ નક્ષત્રમાં ચંક્રમ્યો હતો.

તે સમયે આર્યોને ૮૮ ગ્રહોનું જ્ઞાન હતું જે હાલ વિનાશ પામ્યું છે. આજના જ્યોતિષીઓ તેમાંના ગણ્યાગાંઠયા ગ્રહોને જ ઓળખે છે. ( પૃ૦ ૩૬૦—૩૬૨ )

**આયુષ્ય**—તે વધે કે ઘટે તે સબંધી વિચારણા. ( પૃ૦ ૩૬૩ )

**જીવોત્પતિ**—તે કાલે સહસા જીવોત્પત્તિ થઈ હતી. આજે પણ પાવાપુરીમાં તે દિવસોમાં વિશેષ જીવોત્પત્તિ થાય છે. ( પૃ૦ ૩૬૪ )

**પરિવાર**—ભગવાનના સાધુ વગેરેની સંખ્યા. ચતુર્વિધ સંઘ ઉપરાંત જ્ઞાનીઓ અને વાદીઓની સંખ્યા પણ બતાવેલ છે. કેવા કેવા પુરુષો હોય તો સંઘ તારક બની રહે તે વસ્તુ આ યાદીઓમાંથી મળી શકે છે. ( પૃ૦ ૩૬૫ થી ૩૭૦ )

**તીર્થંકરના શાસનમાં મોક્ષકાળની સીમા**-( પૃ૦ ૩૭૧—૩૭૨ )

**અંતિમ ઉપદેશ**—ભગવાને છેલ્લા શ્વાસોશ્વાસ સુધી ઉપદેશ આપ્યો છે. તેઓ કલ્યાણફળ-વિપાક, પાપફળ-વિપાક, ૩૬ ઉત્તરો કહીને પ્રધાન અધ્યયનનો ઉપદેશ દેતા મોક્ષે ગયા. ( પૃ૦ ૩૭૪-૩૭૫ )

**કાળનિર્ણય**—ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણ પછી ૯૮૦ મા કે ૯૯૩ મા વર્ષે આ કલ્પસૂત્ર લખાએલ છે વંચાએલ છે વગેરે વગેરે. ( પૃ૦ ૩૭૫-૩૭૭ )

**વ્યાખ્યાન સાતમું : ૨૩ તીર્થંકરો**

**ભ૦ પાર્શ્વનાથ**—તેઓનું ચરિત્ર, કમઠ તપસ્વીનો ઇતિહાસ, અને લુખા તપનું વિષમ પરિણામ, ભગવાનનો પરિવાર અને કાલનિર્ણય વગેરે. (પૃ૦ ૩૭૯ થી ૩૯૮ )

**ભ૦ નેમનાથનું ચરિત્ર**—આમાં રાજ્યલોભી પુરુષ પોતાનું રાજ્ય ખુંચવી લ્યે તેવા પુરુષને માટે કેવી સંકડામણ ઊભી કરે છે—તે માટે પોતાની સ્ત્રીઓનો પણ કેવો ઉપયોગ કરે છે તેનો માર્મિક ઉલ્લેખ મળે છે. રાજીમતી આદર્શ સ્ત્રી પાત્ર છે, પોતે બ્રહ્મચારિણી રહે છે અને પોતાના દીઅરને પણ ઉલટે માર્ગેથી પાછા વાળી સન્માર્ગમાં સ્થાપે છે. સતીઓને અને ભ્રષ્ટભાવનાવાલાઓને અહીં ઘણો બોધપાઠ મળે છે. ભગવાન અને રાજીમતી નવ ભવના પ્રેમી દંપતી છે. બન્ને મોક્ષમાં જાય છે. તેઓનો સમયનિર્ણય વગેરે. ( પૃ૦ ૩૯૯ થી ૪૨૩)

**આંતરા**—ભ૦ નમિનાથથી લઈ ભ૦ અજીતનાથ સુધીના ૨૦ તીર્થંકરોનો સમય નિર્ણય, આમાં દર્શાવેલ "કાળ-માપો" સ્થૂલબુદ્ધિવાલાથી સમજી શકાય તેમ નથી. આ માપો સમજનારને જગતના અનાદિપણાનો ખ્યાલ આવી શકે છે. ( પૃ. ૪૨૪ થી ૪૪૩ )

**ભગવાન ઋષભદેવ**—આર્યાવર્તના પહેલા રાજા, પહેલા સાધુ, પહેલા જ્ઞાની અને પહેલા તીર્થંકરનો ટૂંકો ઇતિહાસ. ઋજુ આર્યોમાં ખાવું રસોઈ દંડનીતિ શિલ્પ અને કલા કઈ રીતે પ્રવર્ત્યાં તેનો ઇતિહાસ. ભગવાનને ૧૦૦ પુત્રો હતા. ભગવાને તેઓને રાજ્ય આપી દીક્ષા લીધી. નવો મુનિમાર્ગ ચલાવવામાં ઘોરકષ્ટ. પ્રથમ દાનનો ઇતિહાસ, રાજ્યલીપ્સાનું પરિણામ, ભાઈઓનો ઝઘડો, બાહુબલીનો ત્યાગ અને સાચું સ્વરાજ્ય, અભિમાનનું દુષ્પરિણામ, અને શુભ ભાવનાનું સારું પરિણામ અને અગ્નિસંસ્કાર તથા દેવભકિત વગેરે ( પૃ. ૪૪૪ થી ૪૮૦ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વ્યાખ્યાન આઠમું : સ્થવિરાવલી-ગુરુપરંપરા**

ભ. મહાવીર સ્વામીથી પ્રારંભી ૯૮૦ વર્ષનો શૃંખલાબદ્ધ ઇતિહાસ, ( પૃ. ૪૮૧ થી ૫૧૮ ) જેમાં જૈનાચાર્યોના મહાભિનિષ્ક્રમણ, ઉત્કટ ત્યાગ, અને ભગીરથ પ્રયત્નોની વિવિધ વાનગીઓ મળે છે. જેમકે—૧૧ ગણધરોનો પરિવાર, વાચના, વૈભારગિરિ પર મોક્ષ, અને સુધર્માસ્વામીની જ શિષ્યસંતતિ ચાલુ રહી ( ૪૮૧ થી ૪૮૬ ), તત્કાલીન બ્રાહ્મણોમાં વિધવાવિવાહ ( ૪૮૪ ), ૯૯ ક્રોડ સૌનાયાના ત્યાગી અને ૫૦૦ ચોરોના પ્રતિબોધક આચાર્ય ( ૪૮૮ ), મનઃપર્યવ જ્ઞાન આદિ ૧૦ નો વિનાશ, દશવૈકાલિકસૂત્રની રચના અને ઉવસગ્ગહર સ્તોત્ર રચનાનો ઇતિહાસ ( ૪૮૮ થી ૪૯૨ ), વેશ્યાપ્રતિબોધક આચાર્ય ( ૪૯૩ ), વિદ્યાના અભિમાનનું પરિણામ અને છેલ્લાં ૪ પૂર્વોનો ઇતિહાસ ( ૪૯૪ ), દક્ષિણમાં સૌથી પ્રથમ જૈનધર્મ ફેલાવનાર રાજા ( ૪૯૬ ), ત્રૈરાશિકમત ( ૫૦૪ ), વિવિધ ગણ શાખા અને કુલનો ઈતિહાસ, આજે વિદ્યમાન દરેક સાધુઓ કોટિક ગણની વઈરી શાખાના છે. ( જેનું ઉદ્દગમસ્થાન મહારાજા ખારવેલના શિલાલેખથી પ્રસિદ્ધ ઉદયગિરિ તીર્થ છે ) ( પૃ. ૫૦૫ થી ૫૧૫ ), હર્ષપુરના બ્રાહ્મણોનો જૈનધર્મસ્વીકાર (૫૧૦), બાલદીક્ષા ( ૫૧૨ ), બૌદ્ધનૃપપ્રતિબોધક આચાર્ય ( ૫૧૨ ), ૧૨ વર્ષનો દુકાળ અને નાગેન્દ્ર ચંદ્ર આદિ ૪ ગચ્છનો ઇતિહાસ, આજના દરેક સાધુઓ "ચંદ્ર" કુળના છે ( ૫૧૩ ), "બ્રહ્મદીપિકા શાખા" કે જે મેરઠ જિલ્લાની કૃષ્ણા અને હિન્ડોન નદીના સંગમસ્થાન પરના દ્વીપના તપસ્વીઓથી શરૂ થએલ છે, તેનો ઈતિહાસ, સંભવતઃ ત્યારથી અગ્રવાલ જૈનો બનેલ છે ( ૫૧૩—૫૧૪ ), કલ્પસૂત્રને લિપિબદ્ધ કરનાર આ. શ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ ( ૫૧૮ ).

**વ્યાખ્યાન નવમું: સમાચારી—મુનિમાર્ગ**

**સાધુ-સાધ્વીઓને ચોમાસામાં પાળવાની મર્યાદા**—૫૦ દિવસ જતાં સંવત્સરી કરવી, સંવત્સરીનાં કર્તવ્યો, અધિક માસ, ભા. શુ. ૪, દ્રવ્ય-ક્ષેત્ર કાળ ભાવથી વ્યવસ્થા, સાધુને લાગતા ઉપાશ્રયના દોષો ( ૫૨૦ થી ૫૨૯ ), ગોચરીનું ક્ષેત્ર, રોગી માટે ગુરુઆજ્ઞા, ૯ વિકૃતિઓ, જરૂરી ચીજ માગવી, કેટલી વાર ગોચરી જવું, ફાસુક પાણી, દત્તીઓ, શય્યાતર ઘરો, વરસાદમાં ગોચરી, પૂર્વાપર વસ્તુ પ્રાપ્તિ, ગોચરી ગયા પછી વરસાદ આવે, એકાંતમાં સાધુ—શ્રાવક અને સાધ્વી—શ્રાવિકા માટે ચૌભંગી, સંઘાડામાં સાધુ—સાધ્વીની સંખ્યા, બીજા સાધુઓ માટે આહારાદિ લાવવા, વરસાદમાં ૭ અંગો ભીનાં રહે વગેરે વગેરેની વ્યવસ્થા ( પૃ. ૫૩૧ થી ૫૬૧ ), આઠ સૂક્ષ્મો ( ૫૬૨ થી ૫૬૮ ), ગોચરી, દેરાસર, સ્થંડિલ, વિગઈગ્રહણ, દવા, તપ, સંલેષણા, આહાર, ઠલ્લો, માત્રું, પારિષ્ઠાપના, સ્વાધ્યાય, ધ્યાન વગેરે વડીલોને પૂછીને જ કરવું. (૫૬૯ થી ૫૭૫) ઉપધિ તપાવવી, સંથારો આસન, ઠલ્લામાત્રાની ભૂમિ, ૩ કુંડીઓ, અને લોચ વગેરેનો વિધિ ( પૃ. ૫૭૬ થી ૫૮૩)

કડવું વચન, ખમતખામણા ( ૫૮૪ થી ૫૮૯ ), ઉપાશ્રયનું પડિલેહણ, જણાવીને બહાર જવું, ગ્લાન માટે ભિક્ષાક્ષેત્ર, ( ૫૮૯ થી ૫૯૧ ) કલ્પમાહાત્મ્ય ( ૫૯૨ થી ૫૯૫), ગ્રન્થપ્રશસ્ત ( ૫૦૭ થી ૬૦૦ ).

ઉપરની ટૂંકી નોંધ ઉપરથી કલ્પસૂત્ર—સુખબોધિકામાં કેટલી વસ્તુઓનો નિર્દેશ છે તેનો કાંઈક ખ્યાલ આવે છે. સંશોધકો આ તરફ વિશેષ પ્રયાસ કરી આ વિષય ઉપર વિશેષ પ્રકાશ પાડે એ ઇચ્છાપૂર્વક આ લેખ સમાપ્ત કરું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિક્રમ-વિશેષાંક સંબંધી એક વધુ અભિપ્રાય

"શ્રી જૈન સત્ય પ્રકાશ" માત્ર જૈન કોમમાં જાણીતા માસિકે આ વર્ષે 'વિક્રમ વિશેષાંક' પ્રગટ કરી ઐતિહાસિક સામગ્રીમાં કેટલીક નવી હકીકતો રજૂ કરી છે. મુનિ શ્રી દર્શનવિજયજીનો, 'સમ્રાટ વિક્રમાદિત્ય' તેમાં વિશેષ ધ્યાન ખેંચે છે. સમ્રાટ વિક્રમાદિત્ય કોણ તેનું નિરસન તેમણે શાસ્ત્રીય પદ્ધતિએ કર્યું છે. આ જ અંકમાં એવો જ તેમનો બીજો લેખ "ભારતીય ઇતિહાસ અને જૈનાચાર્ય કાલક" છે. જૈનોમાં ગણ્યાગાંઠયા વિદ્વાન સાધુઓ છે. મુનિ શ્રી પુણ્યવિજયજી પછી તરત કોઈ વિદ્વાન સાધુ તરફ નજર પડતી હોય તો તે મુનિશ્રી દર્શનવિજયજી. તેમની પાસે ઐતિહાસિક દૃષ્ટિ છે, તેમાં કોમીય છાંટ નથી, એટલે તેમના લેખો અભ્યસનીય થઇ રહે છે."

—'ગૂજરાતી પંચ' સાપ્તાહિક, અમદાવાદ, તા. ૬-૮-૧૯૪૪

---

## પૂજ્ય શ્રમણ-સમુદાયને વિજ્ઞપ્તિ

કાગળની કારમી મોંઘવારી અને છાપકામના વધતા જતા દરો વચ્ચે, બહુ જ મર્યાદિત આવકમાં પણ, 'શ્રી જૈન સત્ય પ્રકાશ' ધીમે ધીમે પોતાની મજલમાં આગળ વધી રહ્યું છે. પણ એને વિશેષ સમૃદ્ધ અને સંપન્ન બનાવવા માટે વધુ આર્થિક મદદની જરૂર છે.

આ માસિક શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ સમસ્તનું માસિક છે. એટલે જે મમતા અને પ્રેમથી તેમણે આ માસિકનું અત્યાર સુધી પોષણ કર્યું છે, તેથી વિશેષ મમતા અને પ્રેમથી એને સહાયતા કરવાની જરૂર ઊભી થઈ છે. આથી અમે સર્વ પૂજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિવરોને વિનંતી કરીએ છીએ કે તેઓ ચતુર્માસ દરમ્યાન પર્યુષણાદિ મહાપર્વોના પ્રસંગે માસિકને મદદ કરવાનો ઉપદેશ આપવાની અવશ્ય કૃપા કરે.

—વ્યવસ્થાપક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના ચાર વિશેષાંકો

**(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક**

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

**(૨) શ્રી પર્યુષણ પર્વ વિશેષાંક**

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષના જૈન ઇતિહાસને લગતાં લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય એક રૂપિયો.

**(૩) દીપોત્સવી અંક**

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

**(૪) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક**

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

**[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના** જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના.

**[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી** અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.

## કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

## ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈએ દોરેલું સુંદર ચિત્ર. ૧૦"x૧૪"ની સાઈઝ, સોનેરી બોર્ડર. મૂલ્ય ચાર આના ( ટપાલ ખર્ચનો દોઢ આનો ).

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.


For Private And Personal Use Only